રાજકારણમાં દોસ્તી કે દુશ્મની કંઇ કાયમી હોતાં નથી સત્તા ટકાવવાની સાઠગાંઠ કાયમી હોય છે
- અજય ઉમટ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૫૪ | ૫ મે, ૨૦૧૩, રવિવાર; ચૈત્ર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સેક્ટર-૬માં ટ્રાફિક સીટી બનાવાશે

## સે. ૬માં ખરાબાની જમીનનો ઉપયોગ કરી બાળકો માટે નવીન ટ્રાફિક સીટી બનાવવાનો નવતર અભિગમ : મનપાએ રંગમંચો, શૌચાલયો તેમજ આંગણવાડી સહીતના કામો માટે રૂ. ૨૪.૨૫ કરોડના ખર્ચના અંદાજ સાથે વિભાગને દરખાસ્ત મોકલી

ગાંધીનગર, તા. ૪

શહેરમાં નત-નવા વિકાસકામો હાથ ધરવા કોર્પોરેશન દ્વારા રૂ. ૨૪.૨૫ કરોડના ખર્ચના અંદાજ સાથે શહેરી વિકાસ વિભાગને દરખાસ્ત સુપ્રિત કરવામાં આવી છે. સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અન્વયે શહેરમાં 'ટ્રાફિક સીટી'ના નિર્માણ ઉપરાંત આંગણવાડી, સૌચાલયો તેમજ રંગમંચના કામો હાથ ધરવા વિભાગને દરખાસ્ત સુપ્રત કરવામાં આવી છે.

ગાંધીનગર કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ મહાનગરપાલિકા કક્ષાએથી વિકાસના કોઈ નવતર કામોનું આયોજન થઈ શક્યું નથી. જ્યારે લાંબા સમયના અંતે પણ શહેરમાં વિવિધ વિકાસકામોને વેગ આપવા મહાનગરપાલિકા કક્ષાએથી ખાસ દરખાસ્ત તૈયાર કરી દેવાઈ છે. અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અન્વયે વિવિધ ૭ જેટલા કામોને અનુલક્ષી નવી દરખાસ્ત તૈયાર કરી શહેરી વિકાસ વિભાગને સુપ્રત કરવામાં આવી છે. જેમાં શહેરમાં દાયકાઓ જૂના રંગમંચોને અદ્યતન બનાવવા પણ આયોજન કરાયું છે. સે. ૧૬, ૨૦, ૨૨, ૨૭, ૨૯, ૩૦ સહિતના રંગમંચોના નવીનીકરણ માટે રૂ. ૩ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જ્યારે સે. ૧૮ સ્થિત રમતગમત સંકુલના નવીનીકરણ માટે રૂ. ૬ કરોડના ખર્ચની દરખાસ્તમાં ઉલ્લેખ કરાયો છે. આ ઉપરાંત સે. ૬માં ખરાબાની જમીનનો ઉપયોગ કરી બાળકો માટે નવીન ટ્રાફિક સીટી બનાવવાનો નવતર અભિગમ કેળવાયો છે. આ માટે સમગ્ર સંકુલના વિકાસ માટે રૂ. ૮ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જ્યારે પ્રતિવર્ષમાં 'વોક વે' બનાવવા ઉપરાંત આધુનિકરણના કામો અન્વયે રૂ. ૧.૨૫ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. આ ઉપરાંત મહાનગરના લગતી કચેરીના કોમ્પ્યુટરાઈઝેશન માટે પણ રૂ. ૧ કરોડના ખર્ચનો અંદાજ દર્શાવાયો છે. વિભાગને સુપ્રત કરાયેલી આ દરખાસ્તમાં આંગણવાડીના નિર્માણ માટે રૂ. ૨ કરોડ તેમજ જાહેર સૌચાલયો માટે પણ રૂ. ૩ કરોડના ખર્ચના અંદાજ સાથે દરખાસ્ત રજુ કરવામાં આવી છે.

## રાજ્યભરમાં કાળઝાળ ગરમી

### પારો હજુ ઉપર જાય તેવી સંભાવના

અમદાવાદ, તા.૪

અમદાવાદ સહિત રાજ્યમાં આજે કાળઝાળ ગરમીમાં વધારો થયો હતો. ગરમીનો પારો હજુ પણ વધુ ઉપર જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ગરમીથી બચવા માટે લોકો બનતા તમામ પ્રયાસો કરી રહ્યા છે. સાવચેતીના પગલા પણ લેવામાં આવી રહ્યા છે. બીજી બાજુ તીવ્ર ગરમીની સ્થિતિ વચ્ચે કન્ઝ્યુમર પ્રોડક્ટ બનાવતી કંપનીઓ પણ સક્રિય થઈ ગઈ છે અને પોતાની પ્રોડક્ટ વેચવા જુદી જુદી રાહતો આપી રહી છે. ખાસ કરીને એસી, કુલર, રેફ્રિજરેટર જેવી ચીજવસ્તુનું વેચાણ તીવ્ર ગરમીમાં વધી ગયુ હોવાનું પણ જાણવા મળી રહ્યુ છે. બપોરમાં હાલ કરફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. બપોરે લમણા શેકી નાખતી ગરમ લૂ ફૂંકાઈ હતી અને રસ્તા સુમસામ થઈ ગયા હતા. લોકોને ગરમીથી કોઈ રાહત મળશે નહીં. ગરમીથી બચવા માટે લોકો દ્વારા તમામ પ્રકારના પગલા લેવામાં આવી રહ્યા છે સાથે સાથે બપોરના ગાળામાં રસ્તાઓ પર પણ ઓછી ભીડ જોવા મળી રહી છે. ગરમીથી બચવા લોકો બપોરમાં નીકળવાનું ટાળી રહ્યા છે. રાજ્યના ૧૦ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી અમદાવાદમાં ૪૨.૯ ડિગ્રી નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે કાળઝાળ ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે.



## ગાંધીનગરમાં ગરમી પ્રકોપ યથાવત

### સતત બીજા દિવસે મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રી : તાપમાં શેકાતું પાટનગર : નગરજનો પરેશાન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સહિત રાજ્યભરમાં સતત ચોથા દિવસે હિટવેવ યથાવત રહ્યો છે. શનિવારે સાંજે હવામાન વિભાગે આપેલા આંકડા મુજબ ગાંધીનગરમાં સતત બીજા દિવસે મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રી પર સ્થિર રહ્યો હતો. જ્યારે લઘઉત્તમ તાપમાન એક ડિગ્રી વધતા રાત્રએ પમ ગરમી તીવ્ર બની હતી. છએલ્લા ૭૨ કલાકથી પડી રહેલી કાળઝાળ ગરમીમાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. અબોલ પશુંખીઓ ભારે ગરમીમાં પાણી અને ઘાસચારા માટે પરેશાન છે. લુ લાગવાથી બીમારીનું પ્રમાણમાં છેલ્લા ત્રણ દિવસમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.

ઉનાળાના આકરા તાપનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. છેલ્લા અઠવાડિયાછથી તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને વટાવી ગયો છે. ગઈકાલે અને આજે પાટનગરમાં મોસમનો સૌથી ગરમ દિવસ ૪૨.૫ ડિગ્રી ગરમી સાથે નોંધાયો હતો.

અંગ દઝાડતી ગરમી બાદ હજુ પણ તાપમાનનો પારો ઉંચો જવા અંગે હવામાન ખાતાએ આગાહી કરી છે. સમગ્ર રાજ્યની જેમ જ પાટનગરમાં પણ ગરમીનો પારો એકાએક ઉંચકાયો છે. આકરી ગરમી, તાપ તેમજ અંગ દઝાડતી લુ થી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. અગન જાવાળાઓ વર્ષાવતી ગરમીમાં લોકો દિવસ દરમ્યાન ઘરની બહાર જતા અચકાઈ રહ્યા છે. અસહ્ય ગરમી સાથે ઉકળાટનો અનુભવ પણ થઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાન પણ ઉંચુ રહેતા આખી રાત ગરમી યથાવત રહે છે.

## ગાંધીનગર-કલોલના મામલતદારો બદલાયા : સાત મામલતદારોની બદલી

### મહેસાણા, પેટલાદના મામલતદારો બદલાતાં આ જગ્યાઓ ખાલી રહેવા પામી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર અને કલોલ તાલુકાના મામલતદાર સહિત ૭ મામલતદારોની બદલીના હુકમો રાજ્યના મહેસુલ વિભાગે કર્યા છે.

રાજ્યના મહેસુલ વિભાગે કરેલા હુકમ મુજબ ગાંધીનગરના મામલતદાર શ્રી આર.પી. ભાટીને ખાસ સચિવ (વિવાદ)ની કચેરીમાં મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે. તેમના સ્થાને ખાસ સચિવ (વિવાદ)માં મામલતદાર તરીકે ફરજો બજાવતા શ્રી ડી.જી. મોદીને મુકવામાં આવ્યા છે.

આજ હુકમમાં કલોલના મામલતદાર શ્રી એ.ડી. જોશીની બદલી મેંદરડા જિ. જુનાગઢ ખાતે કરવામાં આવી છે. જ્યારે તેમના સ્થાને પેટલાદના મામલતદાર શ્રી સી.કે. બ્રહ્મભટ્ટની નિમણુંક કરવામાં આવી છે.

આ ઉપરાંત મહેસાણા મામલતદાર ચિંતન વૈષ્ણવની બદલી મામલતદાર ડિઝાસ્ટર પાલનપુર ખાતે, મૂળીના મામલતદાર શ્રી બી.કે. દવેની બદલી સાયલા જિ. સુરેન્દ્રનગર અને વી.આર. પ્રજાપતિની મામલતદાર સાયલાની બદલી મામલતદાર મુળી તરીકે કરવામાં આવી છે.

ગાંધીનગર અને કલોલના મામલતદારોની એક સાથે થયેલી બદલીને લઈ જિલ્લાતંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

ગાંધીનગર મામલતદાર શ્રી ભાટીને હજુ ગાંધીનગર આવે એક વર્ષ પણ માંડ પૂરૂ થવા આવ્યું છે તો કલોલ મામલતદારનો પણ સમયગાળો ટુંકો જ રહ્યો છે. બદલીઓના આ દોર ને લઈ તંત્રમાં અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે. પેટલાદ અને મહેસાણા મામલતદારની જગ્યાઓ ખાલી રહેવા પામી છે.

## પંચાયતમાં કારકુન સંવર્ગમાં બઢતીનો દોર આરંભાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કારકુન સંવર્ગમાં બઢતીની મોસમ ચાલતાં પંચાયતના તંત્રમાં આનંદની લાગણીઓ પ્રવર્તી રહી છે.

સાત કારકુનોને સિનિયર ક્લાર્ક તરીકે બઢતી અપાયા બાદ આજે હિસાબી સંવર્ગના પણ છ જેટલા કારકુનોને સિનિયર ક્લાર્ક હિસાબી તરીકે બઢતી આપવાના હુકમો જારી કરાયા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કારકુનોના સંવર્ગમાં બઢતી આપવામાં આવતાં આ સ્વરંગમાં ઘટ વધવા પામી છે. જોકે નવા કારકુનોની ભરતી આગામી દિવસોમાં થશે તેમ મનાઈ રહ્યું છે. હાલ ૫૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી પડી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના વિસ્તરણ પછી પંચાયતની વિવિધ કેડરની જગ્યાઓનો જે રિવ્યુ સરકારે કરવો જોઈએ તે કર્યો ન હોવાથી તંત્રમાં કર્મચારીઓની ઘટ વધી રહી છે અને ભરતી પર પ્રતિબંધ હોવાથી નવી ભરતી પણ થતી નથી જેની વિપરીત અસરો કચેરીના કાર્યબોજ પર પડી રહી છે.

ઓફિસ વેચાણની જોઈએ છે
આશરે ૧૫૦ સ્કેવેરફીટની, ગ્રાઉન્ડ/પહેલેમાળની, માર્કેટ વિસ્તારમાં, ગાંધીનગર.
Call: 98258 02666

ડીસ્ટ્રીબ્યુટર્સ જોઈએ છે
કેડબરી ઈન્ડિયા લીમીટેડ માટે ઉત્તર ગુજરાતના દરેક ગામો-હાઈવે માટે, રસ ધરાવતી પાર્ટીઓ સંપર્ક કરો.
શ્રી કિષ્ના ટ્રેડર્સ

વેચવાનો છે ફ્લેટ
૨ બેડરૂમ, પહેલેમાળ, ૧૩૦૦ ફૂટ, સીટી પલ્સ એરીયા, ગાંધીનગર
Call :98250 20906

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬




